ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ:-02 તા.23-04-2021

## ગુજરાત મીડિયા જગતના જાણીતા પીઢપત્રકાર અને ફોટો-જર્નાલીસ્ટશ્રી શૈલેષભાઈ રાવલના દુ:ખદ નિધન પર શોક વ્યક્ત કરતા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલ

---------------

**ભારતીય જનતા પાર્ટી પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ તા. ૨૩.૦૪.૨૦૨૧ના ગુજરાત મીડિયા જગતના અને જાણીતા પીઢપત્રકાર અને ફોટો-જર્નાલીસ્ટશ્રી શૈલેષભાઈ રાવલના દુ:ખદ નિધન પર ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલે** શોક વ્યક્ત કર્યો તેમજ પરમકૃપાળુ ઇશ્વર એમનાં દિવંગત આત્માને શાંતિ અર્પે અને તેમનાં પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ અર્પે એવી પ્રાર્થના કરી હતી. ઉત્તર ગુજરાતનાં વતની સ્વર્ગસ્થ શ્રી શૈલેશભાઈ ફોટો જર્નાલીસ્ટ ક્ષેત્રે નવી કેડી કોરનાર હતા.

કેમેરા અને કલમ થી પત્રકારત્વમાં નવી કેડી કંડારનાર શૈલેષભાઈ રાવલ ને શ્રધ્ધા સુમન. સાડા ત્રણ દાયકાથી પત્રકારત્વ સાથે સંકળાયેલા ઈન્ડિયા ટુડે ગ્રુપ નાં ફોટોગ્રાફર શૈલેષભાઈ રાવલ નું કોરોના ની ટૂંકી માંદગી બાદ નિધન થયું છે. કચ્છનાં અગરીયાની સ્થિતિ અને ડાંગ નાં આદિવાસીઓ ની સમસ્યા પર કરેલી સટોરી ની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ હતી. મૂળ ઉત્તર ગુજરાત નાં શૈલેષભાઈ રાવલ નો વડનગર પ્રત્યે નો પ્રેમ અલગ હતો. વડનગર નાં ઐતિહાસીક મોન્યુમેન્ટ ને કેમેરા થી ઉજાગર કરી દુનિયા મા ખ્યાતિ અપાવી હતી. એમનાં નિધનથી પત્રકારત્વ શ્રેત્રે મોટી ખોટ પડશે. તેઓ મીડિયા જગત માટે આદર્શરૂપ હતા. તેઓનું જીવન સેવારૂપી તથા આવનારી પેઢી માટે પ્રેરણારૂપી રહ્યું હતું. પપ્રભુ એમના આત્માને શાંતિ અર્પે અને એમનાં પરિવાર પર આવેલી આફત ને સહન કરવાની શક્તિ અર્પે એવી પ્રાર્થના

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)